TERMS AND CONDITIONS:

1. The intending Bidders/ Purchasers are requested to register with online portal of M/s PSB Alliance Pvt. Ltd.(BAANKNET) (https://baanknet.com) using their mobile number and email id. Further, after completing their eKYC, the intending Bidders/ Purchasers have to transfer the EMD amount in their e-Wallet by **13.11.2026 / 27.11.2026** The registration, eKYC and transfer of EMD in wallet must be completed well in advance, before auction.
2. Earnest Money Deposit (EMD) amount as mentioned above shall be paid online or after generation of Challan from the website (https://baanknet.com) for depositing in bidders e-Wallet. NEFT transfer can be done from any Bank. Payment of EMD by any other mode such as Cheques will not be accepted. Bidders, not depositing the required EMD online, will not be allowed to participate in the e-auction. The Earnest Money Deposit shall not bear any interest.
3. The Bidder should submit (i) Recent passport sized photo (ii) self-attested copy of Identity & address proof Viz: Aadhar Card/Voter ID Card/Driving Licence/Passport etc. (iii) self-attested copy of PAN Card (iv) Contact number (mobile/landline) to the Authorised Officer of GUJARAT GRAMIN BANK (Erstwhile Saurashtra Gramin Bank), Rajkott Region, Region Office, 2nd Floor, viral heights, Near Ayodhya Chowck, 150 feet Ring Road, Rajkot-360005 which should reach by **5.00 PM on 13.11.2026 / 27.11.2026**. All these information / documents as stated from (i) to (iv) can also be submitted to the Authorised Officer on e-mail Id: npa.rorajk@ggb.bank.in .
4. The offer/bid without deposition of EMD or proper document submission will summarily be rejected.
5. The interested parties/ intending bidder may contact for further details to Gujarat Gramin Bank (Erstwhile Saurashtra Gramin Bank), Rajkot Region, Region Office, 2nd Floor, viral heights, Near Ayodhya Chowck, 150 feet Ring Road, Rajkot-360005 Phone: 7574807753/7574807751.
6. The bidder whose bid will be found highest at the close of the e-auction process shall be declared as successful bidder and a communication to this effect will be issued through electronic mode which shall be subject to the approval by the authorised officer of the Bank.
7. If the intending bidder/buyer for the particular property or lot is only one and he/she has participated in the e-auction process after being qualified for the same, he/she will be declared successful bidder of the said property or lot for the minimum reserve price even though he/she has not offered any bid in specified time during the auction/bidding process and a communication to this effect will be issued through electronic mode which shall be subject to the approval by the authorised officer of the Bank.
8. The successful bidder shall have to deposit 25% (twenty-five percent) of the bid amount, including EMD amount (10%) deposited, latest by the next working day and the remaining amount shall be paid within 15 days from the confirmation of sale in the form of Banker's Cheque/ Demand Draft /Account Transfer and/ or any other acceptable mode of money transfer. The Nodal Bank account no. /IFSC Code etc. for online money transfer is **A/c No. 25010013201017, IFSC: BARB0BGGBXX, Ac Name: Sundry Deposits – NEFT.** In default of payment, properties may be offered to the second highest offered/ bidder or resold and defaulting purchaser shall not have any claim whatsoever. Any statutory and other dues payable and due on the property/ies may be borne by the buyer.
9. It should be responsibility of the successful bidder to remit TDS @1% as applicable u/s 194-IA if the aggregate of the sums credited or paid for such sale consideration is Rs. 50 lakh or more. TDS should be filed online by filing form 26QB & TDS certificate to be issued in form 16B. The purchaser has to produce the proof of having deposited the TDS into the government account within 15 days of e-auction.
10. In case, sale is not confirmed or set aside on any ground whatsoever, the bidder shall bear all the incidental expenses, if any to the sale and purchaser/bidder shall not be entitled to claim any compensation or damages whatsoever.
11. The decision of the bank/ authorised officer regarding sale of property shall be final, binding and unquestionable. The Bank Reserves right to cancel/ postpone the sale without assigning any reasons.
12. On payment of entire sale price and completion of sale formalities a sale certificate (as per format prescribed in the SARFAESI rules) will be issued to the successful purchaser/ bidder. The successful purchaser shall bear all existing/future taxes, stamp duty, registration fee, incidental expenses etc. for getting the sale certificate registration.
13. This notice is also a notice to the borrowers/mortgagers/guarantors under Rule 8(6) of the Security Interest (Enforcement) Rules 2002.
14. The bidders may participate in E-Auction for bidding from their place of choice. Internet connectivity shall have to be ensured by the bidder himself. Bank/Service Provider shall not be held responsible for the internet connectivity, network problems, system crash down, power failure etc.
15. EMD of unsuccessful bidders shall be released/refunded to their respective e-Wallet maintained on BAANKNET, as per the portal process. For transfer/refund of the amount from the e-Wallet to the bidder's bank account, the bidder shall submit the online withdrawal/refund request through BAANKNET in accordance with the applicable User Manual/procedure. No interest shall be payable on such EMD.
16. To the best of its knowledge and information, the Bank is not aware of any encumbrances on the property/ies to be sold except of the Bank. However, the intending bidders should make discreet inquiries as regards any claim, charge, and encumbrances on the property of any authority besides the Bank's charges and should satisfy themselves about the title, extent, quality and quantity of the properties before submitting their bid.
17. The property is being sold on WITHOUT RECOURSE BASIS as such sale is without any kind of warranties and indemnities.
18. The sale shall be subject to the conditions prescribed in the security interest (Enforcement) Rules-2002 and the guidelines of the Banks in pursuance of the instructions of Govt. of India in this regard.
19. If the borrower pays the amount due to the banks in full within 15 days, auction is liable to be stopped/cancelled/withdrawn.
20. The e-Auction shall commence at the Reserve Price. Bidders shall improve their offers in multiples of Rs. 50,000/- (Rs. fifty thousand only) / Rs. 5,000/- (Rs. five thousand only) , being the Bid Increment Amount.
21. If a valid higher bid is received within the last 5 minutes before the scheduled closing time of the e-Auction, the closing time shall automatically be extended by 5 minutes. If another valid higher bid is received during the extended period, the closing time shall again be extended by 5 minutes. This process shall continue until no higher bid is received during the immediately preceding 5-minute period, whereupon the e-Auction shall close.
22. Bid for lot No. 2.1 & 2.2 (Land and Building) will be considered for sale only if bid is received for lot No. 2.3 (Plant and Machinery).

THIS NOTICE IS ALSO TO BE CONSIDERED AS STATUTORY 15 DAYS NOTICE TO THE BORROWERS/PARTNERS/GUARANTORS UNDER RULE 6(2) & 8(6) OF THE SECURITY INTEREST (ENFORCEMENT) RULE,2002

The Borrower(s), Partner(s) and Guarantor(s) are hereby notified to pay the sum as mentioned above along with up-to-date interest and ancillary expenses within 15 days, failing which the property will be auctioned/ sold and balance dues, if any, will be recovered with Interest and cost from borrower(s)/ partner(s)/guarantor(s).

Date: 27.10..2026
Place:Rajkot

Authorised Officer
Gujarat Gramin Bank,

નિયમો અને શરતો:

૧. હરરાજીમાં ભાગ લેવા ઇચ્છતા બોલીદારો/ખરીદદારોને મે. PSB Alliance Pvt.Ltd.(BAANKNET) ના ઓનલાઈન પોર્ટલ (https://baanknet.com) પર તેમના મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને નોંધણી કરાવવાની રહેશે. ત્યારબાદ eKYC પૂર્ણ કર્યા પછી બોલીદારો/ખરીદદારોને તા. **૧૩.૧૧..૨૦૨૬ / ૨૭.૧૧.૨૦૨૬** સુધીમાં EMD રકમ તેમના e-Wallet માં ટ્રાન્સફર કરવાની રહેશે. નોંધણી, eKYC અને e-Wallet માં EMD જમા કરવાની પ્રક્રિયા હરરાજી પહેલાં પૂરતા સમય અગાઉ પૂર્ણ કરવી રહેશે.

૨. ઉપર દર્શાવેલ બાનાની રકમ (EMD) https://baanknet.com વેબસાઈટ પરથી ઓનલાઈન અથવા Challan જનરેટ કર્યા બાદ બોલીદારના e-Wallet માં જમા કરાવવાની રહેશે. કોઈપણ બેંકમાંથી NEFT/RTGS દ્વારા રકમ ટ્રાન્સફર કરી શકાશે. ચેક વગેરે અન્ય કોઈ માધ્યમથી EMD ની ચુકવણી સ્વીકારવામાં આવશે નહીં. જરૂરી EMD ઓનલાઈન જમા ન કરાવનાર બોલીદારને ઈ-હરરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. બાનાની રકમ (EMD) ઉપર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

૩. બોલીદારે (i) તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો, (ii) ઓળખ તથા સરનામાના પુરાવાની સ્વ-પ્રમાણિત નકલ જેવી કે આધાર કાર્ડ/મતદાર ઓળખપત્ર/ડ્રાઇવિંગ લાયસન્સ/પાસપોર્ટ વગેરે, (iii) PAN કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ અને (iv) સંપર્ક નંબર (મોબાઇલ/લેન્ડલાઇન) ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક), રાજકોટ રીજિયન, રીજિયન ઓફિસ, બીજો માળ, વીરલ હાઇટ,અયોધ્યા ચોક પાસે,રાજકોટ-૩૬૦૦૦૫ ખાતે અધિકૃત અધિકારીને તા. **૧૩.૧૧..૨૦૨૬ / ૨૭.૧૧.૨૦૨૬** ના બપોરના ૫.૦૦ વાગ્યા સુધી પહોંચતા કરવાના રહેશે. ઉપરોક્ત (i) થી (iv) દસ્તાવેજો/માહિતી અધિકૃત અધિકારીને npa.rorajk@ggb.bank.in પર ઈ-મેઈલ દ્વારા પણ મોકલી શકાશે.

૪. EMD જમા કર્યા વગરની અથવા જરૂરી દસ્તાવેજો યોગ્ય રીતે રજૂ કર્યા વગરની ઓફર/બોલી સીધી જ નામંજૂર કરવામાં આવશે.

૫. રસ ધરાવતા પક્ષકારો/સંભવિત બોલીદારો વધુ માહિતી માટે ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક), રાજકોટ રીજિયન, રીજિયન ઓફિસ, બીજો માળ, વીરલ હાઇટ,અયોધ્યા ચોક પાસે,રાજકોટ-૩૬૦૦૦૫ ફોન: ૭૫૭૪૮૦૭૭૫૩ / ૭૫૭૪૮૦૭૭૫૧ નો સંપર્ક કરી શકશે.

૬. ઈ-હરરાજી પ્રક્રિયા બંધ થાય ત્યારે જે બોલીદારની બોલી સૌથી ઊંચી હશે તેને સફળ બોલીદાર જાહેર કરવામાં આવશે અને આ અંગે ઈલેક્ટ્રોનિક માધ્યમથી જાણ કરવામાં આવશે. આ વેચાણ બેંકના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે.

૭. જો કોઈ ચોક્કસ પ્રોપર્ટી અથવા લોટ માટે માત્ર એક જ ઈચ્છુક બિડર/ખરીદદાર હોય અને તેણે લાયક (Qualified) થયા પછી ઈ-હરાજી પ્રક્રિયામાં ભાગ લીધો હોય, તો હરાજી/બિડિંગ પ્રક્રિયા દરમિયાન નિર્દિષ્ટ સમયમાં તેણે કોઈ બોલી ન લગાવી હોય તેમ છતાં તેને તે પ્રોપર્ટી અથવા લોટ માટે ન્યૂનતમ અનામત કિંમત (Minimum Reserve Price) પર સફળ બિડર જાહેર કરવામાં આવશે. આ અંગેની માહિતી ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા આપવામાં આવશે, જે બેંકના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે.

૮. સફળ બોલીદારે EMD તરીકે અગાઉ જમા કરાવેલ ૧૦% રકમ સહિત કુલ બોલી રકમના ૨૫% (પચ્ચીસ ટકા) જેટલી રકમ વધુમાં વધુ આગામી કાર્યકારી દિવસ સુધીમાં જમા કરાવવાની રહેશે. બાકીની રકમ વેચાણની પુષ્ટિ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર Banker's Cheque/Demand Draft/Account Transfer અને/અથવા બેંકને સ્વીકાર્ય અન્ય કોઈ રકમ ટ્રાન્સફર માધ્યમથી ચૂકવવાની રહેશે. ઓનલાઈન રકમ ટ્રાન્સફર માટે Nodal Bank A/c No. ૨૫૦૧૦૦૧૩૨૦૧૦૧૭, IFSC: BARB0BGGBXX, A/c Name: Sundry Deposits – NEFT રહેશે. ચુકવણીમાં કસુર થાય તો મિલકત બીજા સૌથી ઊંચા ઓફર૨/બોલીદારને ઓફર કરી શકાશે અથવા ફરીથી વેચવામાં આવશે અને કસુરવાર ખરીદદારનો કોઈપણ પ્રકારનો દાવો રહેશે નહીં. મિલકત સંબંધિત લાગુ પડતા કાયદાકીય તથા અન્ય બાકી લેણાં ખરીદદારે ભોગવવાના રહેશે.

૯. વેચાણની કુલ રકમ રૂ. ૫૦ લાખ કે તેથી વધુ હોય તો આવકવેરા અધિનિયમની કલમ ૧૯૪-IA મુજબ લાગુ પડતો ૧% TDS જમા કરાવવાની જવાબદારી સફળ બોલીદારની રહેશે. TDS ઓનલાઈન Form 26QB દ્વારા ભરવાનો રહેશે અને TDS Certificate Form 16B માં રજૂ કરવાનું રહેશે. ખરીદદારે ઈ-હરરાજીના ૧૫ દિવસની અંદર TDS સરકારી ખાતામાં જમા કરાવ્યાનો પુરાવો રજૂ કરવાનો રહેશે.

૧૦. જો કોઈ કારણસર વેચાણની પુષ્ટિ ન થાય અથવા વેચાણ રદ/બાજુ પર રાખવામાં આવે તો વેચાણ સંબંધિત આકસ્મિક ખર્ચ, જો કોઈ હોય, બોલીદારે ભોગવવાના રહેશે અને ખરીદદાર/બોલીદાર કોઈપણ પ્રકારના વળતર અથવા નુકસાનની માગણી કરી શકશે નહીં.

૧૧. મિલકતના વેચાણ બાબતે બેંક/અધિકૃત અધિકારીનો નિર્ણય અંતિમ, બંધનકર્તા અને અપ્રશ્નાર્થ રહેશે. બેંક કોઈપણ કારણ આપ્યા વગર વેચાણ રદ કે મુલતવી રાખવાનો અધિકાર અનામત રાખે છે.

૧૨. સંપૂર્ણ વેચાણ કિંમતની ચુકવણી અને વેચાણની તમામ ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ સફળ ખરીદદાર/બોલીદારને SARFAESI નિયમોમાં નિર્ધારિત ફોર્મેટ મુજબ Sale Certificate આપવામાં આવશે. Sale Certificate ના રજીસ્ટ્રેશન માટે લાગુ પડતા હાલના/ભવિષ્યના તમામ કર, સ્ટેમ્પ ડ્યૂટી, રજીસ્ટ્રેશન ફી તથા અન્ય આકસ્મિક ખર્ચ સફળ ખરીદદારે ભોગવવાના રહેશે.

૧૩. આ નોટીસ Security Interest (Enforcement) Rules, 2002 ના Rule 8(6) હેઠળ ઉધારકર્તાઓ/ગીરવેદારો/જામીનદારોને આપવામાં આવતી નોટીસ પણ ગણાશે.

૧૪. બોલીદારો તેમના પસંદગીના સ્થળેથી ઈ-હરરાજીમાં ભાગ લઈ શકશે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાની જવાબદારી બોલીદારની રહેશે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યા, સિસ્ટમ ક્રેશ, વીજ પુરવઠો બંધ થવો વગેરે માટે બેંક/સેવા પ્રદાતા જવાબદાર રહેશે નહીં.

૧૫. અસફળ બોલીદારોની બાનાની રકમ (EMD), BAANKNET પર જાળવવામાં આવતા તેમના સંબંધિત e-Wallet માં પોર્ટલની પ્રક્રિયા મુજબ રિલીઝ/રિફંડ કરવામાં આવશે. e-Wallet માંથી બોલીદારના બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર/રિફંડ મેળવવા માટે બોલીદારે લાગુ પડતી User Manual/પ્રક્રિયા અનુસાર BAANKNET પોર્ટલ પર ઓનલાઈન Withdrawal/Refund Request સબમિટ કરવાની રહેશે. આવી EMD રકમ ઉપર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

૧૬. બેંકને ઉપલબ્ધ જાણકારી અને માહિતી મુજબ વેચાણ હેઠળની મિલકત ઉપર બેંકના ચાર્જ સિવાય અન્ય કોઈ બોજો/લેણું હોવાનું બેંકના ધ્યાનમાં નથી. તેમ છતાં, સંભવિત બોલીદારોએ બોલી રજૂ કરતાં પહેલાં મિલકત ઉપરના કોઈપણ દાવા, ચાર્જ, બોજા અથવા અન્ય સત્તાધિકારીના લેણાં અંગે સ્વતંત્ર તપાસ કરી લેવી તથા મિલકતના ટાઈટલ, વિસ્તાર, ગુણવત્તા અને જથ્થા અંગે પોતે સંતોષ મેળવી લેવો.

૧૭. મિલકતનું વેચાણ WITHOUT RECOURSE BASIS પર કરવામાં આવે છે અને તે કોઈપણ પ્રકારની warranties તથા indemnities વગરનું વેચાણ રહેશે.

૧૮. જો ઉધારકર્તા ૧૫ દિવસની અંદર બેંકને બાકી નીકળતી સંપૂર્ણ રકમ ચૂકવી આપે તો ઈ-હરરાજી બંધ/રદ/પરત ખેંચી લેવામાં આવી શકે છે.

૧૯. વેચાણ Security Interest (Enforcement) Rules, 2002 માં નિર્ધારિત શરતો તથા આ બાબતે ભારત સરકારની સૂચનાઓ અનુસાર બેંકની માર્ગદર્શિકાને આધીન રહેશે.

૨૦. ઈ-હરરાજી અનામત કિંમત (Reserve Price) થી શરૂ થશે. બોલીદારે પોતાની આગળની ઓફર રૂ. ૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર માત્ર)/ રૂ. ૫,૦૦૦/- (રૂપિયા પાંચ હજાર માત્ર) ના ગુણાંકમાં વધારવાની રહેશે, જે Bid Increment Amount ગણાશે.

૨૧. જો ઈ-હરરાજીના નિર્ધારિત બંધ સમય પહેલાંની છેલ્લી ૫ મિનિટ દરમિયાન કોઈ માન્ય ઊંચી બોલી પ્રાપ્ત થાય તો ઈ-હરરાજીનો બંધ સમય આપમેળે ૫ મિનિટ માટે લંબાવવામાં આવશે. આ લંબાવેલ સમયગાળા દરમિયાન ફરી કોઈ માન્ય ઊંચી બોલી પ્રાપ્ત થાય તો બંધ સમય ફરી ૫ મિનિટ માટે લંબાવવામાં આવશે. આ પ્રક્રિયા ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી તરત અગાઉની ૫ મિનિટની અવધિ દરમિયાન કોઈ વધુ ઊંચી બોલી પ્રાપ્ત ન થાય. ત્યારબાદ ઈ-હરરાજી બંધ ગણાશે.

૨૨.જો લોટન નં. ૨.૩ (પ્લાન્ટ અને મશીનરી)ની ઓફર આવે તો જ લોટ નં. ૨.૧ & ૨.૨ (લેન્ડ એન્ડ બિલ્ડીંગ)ની ઓફર સ્વીકારવામાં આવશે.

આ નોટીસને ઉધારકર્તાઓ, ભાગીદારો તથા જામીનદારો માટે સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ,૨૦૦૨ ના નિયમ ૬(૨) અને ૮(૬) હેઠળ ૧૫ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ પણ ગણવામાં આવશે.

ઉધારકર્તાઓ, ભાગીદારો તથા જામીનદારોને આથી ઉપર જણાવેલ વસુલવાપાત્ર લ્હેણું જે તે તારીખના વ્યાજ તથા તમામ આનુસંગિક ખર્ચાઓ સહીત સદર ૧૫ દિવસની અંદર ભરપાઇ કરી જવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ ગયે ઉક્ત મિલકતોની હરરાજી/ વેંચાણ કરી નાખવામાં આવશે અને ઘટતી રકમ, જો કોઈ રહે તો, તે વ્યાજ અને ખર્ચાઓ સાથે ઉધારકર્તાઓ/ ભાગીદારો / જામીનદારો પાસેથી વસુલવામાં

આવશે.

તારીખ: ૨૭.૧૦.૨૦૨૬

સ્થળ: રાજકોટ

અધિકૃત અધિકારી, ગુજરાત ગ્રામીણ બેંક ,
રાજકોટ